ભિલોડામાં ખાખીનો ખોફ ગાયબ

ધોળેદહાડે લૂંટારુએ બે મકાનમાં ધાડ મારી ૩૫ હજારની લૂંટ કરી

ભીલોડા, તા. ૧૩

અરવલ્લી જીલ્લામાં ચોર,લૂંટારુ અને ઘરફોડિયા ગેંગ અને અસામાજિક તત્વો થી લોકો તોબા પોકારી ઉઠ્યા છે ભિલોડા નગરમાં નિવૃત એલઆઈસી કર્મચારીના ઘરમાં ૧૦ લાખની લૂંટની ઘટનાની ગુથ્થી ઉકેલવામાં ફિફા ખાંડી રહી છે ત્યારે ધોળા દિવસે એક લબરમૂછિયો તસ્કર નગરની ઉમિયા નગર અને માણેકબા સોસાયટીમાં બિન્દાસ્ત ત્રાટકી ૨૫ હજાર થી વધુના મુદ્દામાલ ની ચોરી કરી રફુચક્કર થતા નગરજનોમાં રોષ ફાટી નીકળ્યો હતો અને મોટી સંખ્યામાં લોકોના ટોળેટોળા ભિલોડા પોલીસ સ્ટેશનમાં ઉમટ્યા હતા અને પેટ્રોલિંગ વધારવા અને તસ્કર ટોળકીને નાથવા ઉગ્ર રજુઆત કરી હતી તસ્કર સોસાયટીમાં લાગેલ સીસીટીવી કેમેરામાં કેદ થતા સીસીટીવી ફૂટેજ વિડીયો પણ ભિલોડા પોલીસને આપ્યા હતા ભિલોડા પોલીસે પ્રાથમિક તપાસ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની નિષ્ફળ કામગીરીના પગલે ચોર, લૂંટારુ , ઘરફોડિયા ગેંગ અને ચેઈનસ્નેચરોએ પડાવ નાખ્યો હોય તેમ સતત ચોરી,લૂંટ અને ચેઈનસ્નેચીંગની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે ચોર-લૂંટારુઓ અને તસ્કરો ખાખી વર્દીને ખુલ્લેઆમ પડકાર આપી રહી છે બીજીબાજુ જીલ્લા પોલીસતંત્ર ફરિયાદ નોંધી સંતોષ માની રહી હોય તેવું જીલ્લાવાસીઓ અહેસાસ અનુભવી રહ્યા છે જીલ્લામાં અવાર-નવાર બનતી ચોરી-લૂંટની ઘટનાઓ ઉકેલવામાં પોલીસતંત્ર મોટેભાગે નિષ્ફળ રહેતા લૂંટ,ચોરી અને ચેઈનસ્નેચીંગની ઘટનાનો ભોગ બનેલ પ્રજાજનો ફરિયાદ કરવાનું પણ ટાળી રહ્યા છે

મંગળવારે બપોરના સુમારે ભિલોડાની બે રહેણાંક સોસાયટીમાં ૨૦ થી ૨૨ વર્ષની ઉંમરનો તસ્કર બિન્દાસ્ત ત્રાટકી બે ખુલ્લા મકાનને નિશાન બનાવી ત્રણ મોબાઈલ એક ટેબ્લેટ અને ૨૫ હજાર રોકડા રૂપિયાની ચોરી કરી રફુચક્કર થઈ જતા લોકોમાં ધોળેદહાડે રહેણાંક વિસ્તારમાં ચોરીની ઘટનાથી ફફડાટ ફેલાયો છે ઉમિયાનગર સોસાયટીમાં

ડૉ.બાબુભાઈ પટેલના ઘરનો દરવાજો ખુલ્લો હોવાથી ઘરમાં પ્રવેશી મોબાઈલ અને ટેબ્લેટ કીં.રૂ.૫૦૦૦/- ઉઠાવી અન્ય સોસાયટીમાં ખુલ્લા રહેલા મકાનો શોધતો શોધતો ઉમિયાનગર સોસાયટીમાં પહોંચી યોગેશભાઈ પટેલના ઘરે પહોંચી ટેબલમાં રાખેલા રોકડા રૂપિયા ૨૫૦૦૦/- તથા મોબાઈલ-૧ કીં.રૂ.૫૦૦૦/- મળી બંને મકાનમાંથી કુલ.રૂ.૩૫૦૦૦/- ની ચોરી કરી અન્ય હર્ષદ સોનીના મકાનમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ કરી ફરાર થઈ જતા લોકોમાં રોષ ફેલાયો હતો.

ભિલોડા પોલીસ સ્ટેશને મોટી સંખ્યામાં બંને સોસાયટીના રહીશો પહોંચી ઉગ્ર રજુઆત કરી ચોર,લૂંટારુ ગેંગને ઝડપી પાડવા ઉગ્ર માંગ કરી હતી ભિલોડા પોલીસે બાબુભાઈ પટેલની ફરિયાદના આધારે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ઈપીકો કલમ- ૩૭૯,૪૫૨ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

સિધ્ધક્ષેત્ર સિધ્ધપુરમાં કાર્તિકી પૂનમનો લોકમેળો યોજાયો

ઊંઝા, તા. ૧૨

ભારત વર્ષના હિન્દુ તીર્થસ્થળોમાં માતૃગયા તરીકે જાણીતા સિધ્ધક્ષેત્ર સિદ્ધપુર ખાતે સરસ્વતી નદીના તટે દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત રીતે કાર્તિકી પૂનમનો ભવ્ય લોકમેળો યોજાયો હતો. કાત્યોકના હૂલામણા નામથી ઓળખાતા આ મેળામાં દેવ દિવાળીના રોજ કુંવારકા યાને પવિત્ર સરસ્વતી નદીમાં સ્નાન કરવાનું વિશેષ મહાત્મ્ય હોઈ હજજારો શ્રદ્ધાળુઓએ નદીમાં સ્નાન કરી ધન્યતા અનુભવી હતી. દેવોના મોસાળ, સંતો, ઋષિમુનિઓ તેમજ આર્નતના અવધૂત પૂ. દેવશંકરબાપાની પવિત્ર ભૂમિ એવા માતૃતીર્થમાં પૂનમના રોજ સરસ્વતી નદીની સાથે ગંગા અને યમુનાના પવિત્ર જળનો સુલભ ત્રિવેણી સંગમ થાય છે. જેથી આ દિવસે નદીના જળમાં સ્નાન કરવાથી પુણ્ય મળે છે તેવો હિન્દુ શાસ્ત્રોમાં ઉલ્લેખ હોવાથી મેળામાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યો હતો. આ મેળામાં ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી પધારેલા ભાવિકજનો, શ્રદ્ધાળુઓએ નદીમાં સ્નાન કર્યા બાદ ઘણા શ્રદ્ધાળુઓ, યાત્રિકોએ પોતાના મૃત સ્વજનોના મોક્ષ માટે બ્રાહ્મણો પાસે તર્પણવિધી કરી હતી. અત્રેના સુપ્રસિદ્ધ બિંદુ સરોવરમાં પણ અસંખ્ય શ્રધ્ધાળુઓએ શ્રાધ્ધ પિંડ અર્પણ કર્યા હતા. આ ઉપરાંત પૂનમની રાત્રે નદીના જળમાં દિવડાઓ તરતા મુકવામાં આવ્યા હતા.

પ્રાંતિજ ખાતે પટેલ સમાજના તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો : ભાગ લઇને આવનાર મહેમાનો તથા વાલીઓના દિલ જીતી લીધા હતાં : પટેલ સમાજ યુલક મંડળ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પટેલ સમાજ ના તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ તથા સંસ્કૃતિ કાર્યક્રમ યોજાયો હતો જેમાં સમાજ ના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

પ્રાંતિજ નાનીભાગોળ ખાતે રહેતા પટેલ સમાજ યુલક મંડળ દ્વારા તારીખ ૧૧/૧૧/૨૦૧૯ ને સોમવારના રોજ રાત્રીના સમયે પટેલ સમાજની વાડી ખાતે ઈનામ વિતરણ કાર્યક્રમ તથા સંસ્કૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં સમાજ બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો માં ભાગ લીધો હતો જેમાં એકપાત્રીય અભિનય, તાજેતરમાં અતિવૃષ્ટિ તથા કમોસમી વરસાદને લઈને ખેડૂતો ઉપર વિતેલ કુદરતી આફત વિશે નાટક તથા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સ્ટાઈલ પાત્ર જેવા કાર્યક્રમોમાં ભાગ લઈને બાળકો એ આવનાર મહેમાનો તથા વાલીઓના દિલ જીતી લીધા હતાં તો ઉપસ્થિત સમાજના આગેવાનો મહેમાનો તથા વડીલો દ્વારા સમાજ ના તેજસ્વી તારલાઓને ને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં તો પ્રાંતિજ પટેલ સમાજ ના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને બાળકોને પ્રોત્સાહિત કર્યાં હતાં.

વિજયનગરમાંથી બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર ખાતેથી ચાર માસ અગાઉ અજાણ્યા શખ્સ રૂા. ૪૫ હજારની કિંમતના બાઈક નં. જીજે.૦૯.ડીડી.૨૧૩૯ની ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે ટીંટારણ ગામના કેતનકુમાર મરતાજી ડોડીયારે તપાસ કરવા છતાં બાઈકનો કોઈ પત્તો મળ્યો ન હતો. જેથી આખરે તેમણે મંગળારે અજાણ્યા શખ્સ વિરુદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશમનાં ફરિયાદ નોંધાવી હતી.

ડીસામાં કમોસમી વરસાદ અને પવન ફુંકાતા વીજ ડીપી ધરાશાયી

ડીસા, તા. ૧૩

ડીસામાં સોમવારે સાંજના સુમારે એકાએક પવન સાથે કમોસમી વરસાદ ખાબકતા ભારે અફરા તફરી મચી હતી વરસાદની સાથે પવન પણ ફુંકાતા ડીસાથી રાણપુર રોડ નજીક ધડાકાભેર વીજ ડીપી તૂટી પડતા અંધારપટ છવાયો હતો અને દોડધામ મચી જવા પામી હતી જોકે સ્થાનિક લોકોએ તાત્કાલિક વીજ કંપનીમાં જાણ કરતા વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવતા કોઈ અકસ્માત કે જાનહાની ટળી ગઈ હતી પરંતુ કુદરતના રૌદ્ર સ્વરૂપને નિહાળી લોકો અચંબિત થઈ ગયા હતા.

હિંમતનગરના વિનાયક નગરમાં આખ્યાન યોજાશે

હિંમતનગર તા. ૧૩

હિંમતનગરના વિનાયકનગર ખઆતે ચાલતા ગણેશ યુવક મંડળ દ્વારા આગામી તા. ૧૫ થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન રામદેવપીર મહારાજના આખ્યાનનું આયોજન કરાયું છે. ઉપરાંત દ્વિતીય સ્નેહમિલન પણ યોજાશે. આખ્યાન અને સ્નેહમિલનને સફળ બનાવવા માટે ગણેશ યુવક મંડળના હોદ્દેદારો તથા આ વિસ્તારના અગ્રણી અને નગરપાલિકાના સદસ્ય અમૃતભાઈ પુરોહિત પરિવાર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

રોહિત સમાજનું સ્નેહ સંમેલન અને નિવૃત્ત કર્મચારીઓનો સન્માન સમારંભ યોજાયો

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના મોડાસા ટાઉન હોલમાં મોડાસિયા પરગણા રોહિત સમાજ વિકાસ મંડળનું સ્નેહ સંમેલન અને નિવૃત્ત કર્મચારીઓનો સન્માન સમારંભ યોજાઈ ગયો.સંતરામપુરના મામલતદાર કુંદન જે.વાઘેલાએ દીપ પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો.મંડળના પ્રમુખ ડો. એચ.કે.સોલંકીએ સ્વાગત પ્રવચનમાં મોડાસા ખાતે અદ્યતન ભીમ વાંચનાલય,રમાબાઈ છાત્રાલય અને સંત રવિદાસ સભાખંડ બનાવવાનું આહવાન કર્યું.મુખ્ય મહેમાન પદે જે.જે.મેવાડા ની.ડી.વાય. એસ.પી.અને પુનમચંદ પટેલ મેનેજીંગ ટ્રસ્ટી સમતા એજ્યુ.ટ્રસ્ટ એ હાજર રહી પ્રેરણા પુરી પાડી હતી.ધારાસભ્ય રાજેન્દ્રસિંહ અને જશુંભાઈ પટેલે હાજર રહીને નિવૃત્ત કર્મચારીઓનું શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું.સમાજના દાતાઓએ ૧૧૦૦૦થી લઈને ૧૦૦૦૦૦લાખ સુધીના દાન લખાવ્યા હતા.સમગ્ર મોડાસિયા પરગણા રોહિત સમાજ વિકાસ મંડળના સાથ સહકારથી કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

વડગામ આનંદ આશ્રમ ખાતે ત્રણ દિવસના ષોડસી ભંડારા મહોત્સવનો ભવ્ય સમાપન

વડગામ, તા. ૧૩

વડગામ આનંદ આશ્રમ ખાતે તા. ૮-૧૧-૧૯થી ૧૦-૧૧-૧૯ સુધી ષોડસી ભંડારા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ હતુ તેમાં પ્રથમ દિવસે વડગામ આનંદ આશ્રમ ખાતે પરમપૂજ્ય સંત સત્યનારાયણપુરીની અધ્યક્ષસ્થાને ધ્વજા તથા ગામના દેવી દેવતાઓને ભંડારામાં પધારવા સંતો પોતાની અસલ સ્વરેમમાં તેમના બીજા અન્ય સાધુ મહારાજો મલી (નગ્ન) અવધૂત સ્વરૂપે બતાવી નગર પરિક્રમા કરી દરેક દેવી દેવતાઓને આમંત્રણ પાઠવેલ.

બીજા દિવસે દૂરદૂરથી આમંત્રિત સાધુ મહંતોનું વડગામનગરે આગમન તથો તમનુ ભવ્ય સ્વાગત અને વરઘોડો રાધાકૃષ્ણ મંદિરથી લઈને આનંદ આશ્રમ સુધી નિકળેલ હતુ. જે દિવસે તાલુકાના તમામ લોકોને ભોજનનો પ્રસાદ લીધેલ હતો. ત્રીજા દિવસે વડગામ તાલુકાની જનતાને ભોજનપ્રસાદ તથા સાધુ સંતોનું સન્માન કરવામાં આવેલ હતુ.

આ સમસ્ત ષોડસી ભંડારોને સફળ બનાવવા વડગામના પૂર્વ સરપંચના પુત્ર ભગવાનસિહજી સોલંકીએ મહા મહેનત અને રાત દિવસ એક કરી ભંડારાને સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે વડગામના અન્ય સમાજોના આગેવાનો અને યુવાનોએ સમગ્ર પ્રસંગને સાથ સહકાર આપી સફળ બનાવ્યો હતો. જેમાં વડગામ ઉરીના ચેરમેન ભરતભાઈ ઉકેલીયા, ચેલાભાઈ રામજીભાઈ પટેલ, કેશરભાઈ રામજીભાઈ પટેલ, માનજીભાઈ સરદારભાઈ પટેલ તથા બાવન આંટા રાજપુત સમાજના પ્રમુખ ભરતસિંહ જી. સોલંકી તથા તેમની યુવા ટીમ તથા વડગામના વેપારી અગ્રણીઓ તથા ફતેપરના વતની ભીખુસિંહ પરમાર, ઉદેસિંહ ભાટી તથા વડગામ તાલુકાના દરેક સમાજના માણસોએ ભારે જહેમત ઉઠાવી ષોડસી ભંડારાને સફળ બનાવ્યો હતો. અને દરેક સાધુ સંતોના આશિર્વાદ લીધેલ હતા.

ડીસાના ગાયત્રી મંદિર નજીક બાઇકની ઉઠાંતરી

ડીસા, તા. ૧૩

ડીસામાં છેલા ઘણા સમયથી ગુનાખોરીની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે તેમાંય વાહન ચોરીની ઘટના તો છાસવારે બની રહી છે જેના એક વધુ બનાવમાં શહેરની રત્નકર સોસાયટીમાં રહેતા અને ગાયત્રી મંદિર નજીક કાપડની લારી ચલાવતા લાલિતકુમાર ભોજવાનીએ બે દીવસ અગાઉ પોતાનું બાઇક (નં. જી જે ૦૮ એ આર ૩૫૬૪) વિકાસ લેબોરેટરી નજીક મૂકી પોતાની વખારમાં ગયા હતા.

તે દરમિયાન કોઈ અજાણ્યો ઈસમ બાઇક ચોરી કરી ફરાર થઈ ગયો હતો પરત આવેલા લાલિતભાઈ ભોજવાનીને બાઇક ધ્યાને ન આવતા આસપાસમાં તપાસ કરી હતી તેમ છતાં બાઇકનો પતો ન લાગતા તેમના ભાઈ હિતેશભાઈને આ બાબતની જાણ કરતા તેમણે આ મામલે ઉત્તર પોલિસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.